1

નં એન-૫/ આઇસીડીએસ /પૂ.પો/ ત્રીજુ ભોજન/૧૩
કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી,
બ્લોક નં. ૧૬/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર તા.૨૧/ ૫ /૨૦૧૩

વંચાણે લીધાઃ-

૧. ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ ઠરાવ ક્રમાંકઃ આઇ.સી.ડી/૧૦૨૦૧૨/૪૯૮૦/બ- તાઃ ૨૪/૫/૨૦૧૩.

# પરિપત્રઃ

ગુજરાત સરકારે કુપોષણ માટે અનેક પગલા લીધેલ છે. કુપોષિત બાળકોનું વજન વધારવા માટે બધા બાળકોને આંગણવાડી કેન્દ્ર દ્વારા આપવામાં આવતા સવારના નાસ્તા તથા બપોરના આહાર ઉપરાંત સામાન્ય ઓછા વજન વાળા અને અતિશય ઓછા વજનવાળા બાળકો ને લાડું, ત્રીજા આહાર **'ઘરે લઇ જવાના નાસ્તા''** તરીકે આપવા માટે તા ૨૪/૫/૨૦૧૩ ના ઠરાવથી વહીવટી મંજુરી મળેલ છે.

**આ ત્રીજુ ભોજન નીચે દર્શાવેલ વિગત પ્રમાણે આપવાનું રહેશે.**

(૧) ઓછા વજન વાળા (WHO ના ગ્રોથ ચાર્ટ પ્રમાણે પીળો અને લાલ ઝોન માં આવતા બાળકો) ૩ થી ૬ વર્ષના બાળકોને વજનમાં વધારો થાય તે માટે ત્રીજુ ભોજન **'ઘરે લઇ જવાના નાસ્તા''** તરીકે અઠવાડીયામાં ૬ દિવસ (સોમ થી શનિ) આપવાનું રહેશે.

(૨) આ ત્રીજુ ભોજન ગ્રામ પંચાયત મારફતે સ્વસહાયજુથ/માતૃ મંડળ/સખી મંડળ દ્વારા બનાવી આપવાનું રહેશે. આ ત્રીજુ ભોજન દરરોજ તાજુ રાંધીને લાભાર્થીઓને આપવાનુ રહેશે. સ્વસહાયજુથ/માતૃ મંડળ/સખી મંડળ અને આંગણવાડી કાર્યકર દ્વારા આ બનાવેલ ત્રીજુ ભોજન ખાવાપાત્ર છે કે નહી તે ચાખીને લાભાર્થીઓને આપવાનું રહેશે.

(૩) ત્રીજું વધારાનું પુરક પોષણ આહાર એનર્જી ડેન્સ, પ્રોટીન સભર તેમજ ઓછા જથ્થાવાળુ રહેશે જેમાં લાભાર્થી દીઠ લાડુ આપવામાં આવશે અને જેની સામગ્રી નું પ્રમાણ અને વાનગી રીત નીચે મુજબની રહેશે.

(૪) રીત: લાડુઃ- લાભાર્થી દીઠ નિયત માત્રામાં. ૮ ગ્રામ તેલ માંથી થોડું તેલ લઇ તેમાં ૫ ગ્રામ ઘંઉનો કકરો લોટ. ૨૦ ગ્રામ ચણાનો કકરો લોટ લઇ ધીમા તાપે શેકવો. ૧૫ ગ્રામ ગોળ અને બાકી નું તેલ ઉમેરી ગરમ કરવુ. ત્યાર બાદ તેમાં શેકેલા ૫ ગ્રામ સીંગદાળા નો ભુકો. લોટ નું મિશ્રણ એમા ઉમેરી બરાબર હલાવી ગેસ પરથી ઉતારી લેવુ. ત્યાર બાદ લાડુ ને વાળી લેવા. બાળકો એ ઘરે થી લાવેલ હોય/લોકફાળા થી મળેલ/કન્ટીજન્સી માંથી ખરીદેલ હોય તેવા સાફ ટીફીન માં મુકી ઘરે લઇ જવા માટે **'ઘરે લઇ જવાના નાસ્તા''** તરીકે આપવના રહેશે.

| પુરક પોષક ત્રીજુ ભોજન | માતૃ મંડળ ને પ્રતિ લાભાર્થી દીઠ ચુકવવામાં આવતો ખર્ચ (રૂ. ) | સામગ્રી | લાભાર્થી દીઠ પ્રમાણ (ગ્રામ) |
|---|---|---|---|
| લાડુ (આશરે ૫૦ ગ્રામ) | 3.00 | ઘઉંનો કકરો લોટ | ૫ |
| | | ચણા નો કકરો લોટ | ૨૦ |
| | | ગોળ | ૧૫ |
| | | તેલ | ૮ |
| | | સીંગદાળા (મગફળી) | ૫ |

(૫) ત્રીજુ ભોજન આપવાની બાબતમાં જે બાળકો આ સેવાઓ લેતા હોય તેવા બાળકોની માતા/વાલીઓ પાસેથી પ્રમાણ પત્ર (પરિશિષ્ટ- ૧) ભરાવી દર માસે લેવાના રહેશે.

(૬) ન્યુટ્રિશન વોલેન્ટ્રીયરે આવા બાળકોને ઘરે શું ખાધુ તેનું ધ્યાન રાખવાનું રહેશે. અને વ્યવસ્થિત "ચાઇલ્ડ ગ્રેડ રીપોર્ટ કાર્ડ" (પરિશિષ્ટ- ૨) ભરવાનુ રહેશે.

(૭) દર ત્રણ માસે આવા બાળકોની સમીક્ષા કરવાની રહેશે અને આ યોજનાના બાળકોમાં. કુપોષણના સ્તરમાં કેટલો સુધારો આવે તે અંગેની ખાત્રી કરવાની રહેશે. જો આ યોજના ના અમલથી આવા બાળકો ના કુપોષણના સ્તરમાં સુધારો ન થાય તો ગ્રામ સભામાં આ મુદ્દાની ચર્ચા કરવાની રહેશે.

(૮) કોઇ પણ સંજોગોમાં પુરક પોષણમાં વિક્ષેપ ન પડે તે જોવાની જવાબદારી તમામ મ્યુ. કમિશ્નરશ્રી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પ્રોગ્રામ ઓફિસરશ્રી તેમજ બાળ વિકાસ યોજના અધિકારશ્રીની રહેશે. જરૂર જણાય ત્યારે લોક સહકારથી પણ પુરક પોષણ આહાર ઉપલબ્ધ કરાવવાની વ્યવસ્થા કરી વિક્ષેપ નિવારવામાં આવે તે સુનિશ્ચિત કરવુ.

(૯) આ ઉપરાંત લાભાર્થીને પુરક પોષણ આપવા બાબતે સરકારશ્રી તરફથી વખતો વખત અપાતી સૂચનાઓનો અમલ કરવાનો રહેશે.

(૧૦) વખતો વખત આવા ત્રીજા આહારનું ઓછામાં ઓછુ એક સેમ્પલ દર મહીને મેળવી તપાસ માટે એફ.ડી.સી.એ (FDCA) માં મોકલવાનાં રહેશે.

કમિશ્નર
મહિલા અને બાળ વિકાસ
ગાંધીનગર

પ્રતિ,

૧. મ્યુનિસિપલ કમિશ્નરશ્રી , મ્યુનિસિપલ કોર્પોરેશન ,અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, જામનગર, ભાવનગર
૨. નાયબ સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર
૩. પ્રોગ્રામ ઓફીસરશ્રી આઇ.સી.ડી.એસ., જિલ્લા પંચાયત કચેરી- તમામ
૪. હિસાબી અધિકારીશ્રી (વર્ગ-૧) મજકુર કચેરી, ગાંધીનગર
૫. સ્ટેટ પ્રોગ્રામ ઓફીસરશ્રી,આઇ.સી.ડી.એસ.,મહેક , સ્વૈ. સંસ્થા, મજકુર કચેરી ગાંધીનગર
૬. અત્રેની કચેરીના વર્ગ- ૧ ના તમામ અધિકારીશ્રીઓ

## પરિશિષ્ટ- ૧

### પ્રમાણ પત્ર:-
### (ત્રીજુ ભોજન/ થર્ડ મીલ)

આથી હુ પ્રમાણપત્ર આપુ છું કે મારા પુત્ર/પુત્રી .................. ને માસ.................. દરમ્યાન.................. દિવસ ત્રીજુ ભોજન મળેલ છે. અને મારા બાળકના પોષણ વિશે અમને માહીતગાર કરવામાં આવેલ છે.

તા:..........

સ્થળ:..........

માતા/વાલી ની સહી: ............................

આંગણવાડી કાર્યકરની સહી......................

---

## પરિશિષ્ટ- ૨

### ચાઇલ્ડ ગ્રેડ રીપોર્ટ કાર્ડ

| ક્રમ | બાળક નું નામ | માસની શરૂઆતમાં વજન | ગ્રેડ | માસમાં કેટલા દિવસ ભોજન મળેલ | માસના અંતે વજન | ન્યુટ્રીશન વોલેંન્ટીયરની સહીં | આગંવાડી કાર્યકરની સહીં | સુપરવાઇઝર ની સહીં |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |

**સરપંચ/વી.એચ.એસ.એન.સી ના અધ્યક્ષની સહીં** **એ.એન.એમની સહીં**